# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭
સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૩ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧.૪૫, ૪.૪૫,૧૦.૧૫
બેટલશીપ (અંગ્રેજી) : ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૧.૧૫

**સ્ક્રીન-૩ :** બીટ્ટુ બોસ :૧૨.૦૦
બેટલશીપ (હિન્દી) : ૨.૩૦, ૫.૦૦, ૧૦.૩૦
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** છોડો કલ કી બાતે : ૧૨.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૭.૩૦
બીટ્ટુ બોસ :૧૦.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૩૦, ૨.૧૫, ૯.૩૦
છોડો કલ કી બાતે / ટાઈટેનીક ૩-ડી(હિન્દી) : ૬.૦૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** બેટલશીપ (હિન્દી) : ૯.૦૦
હાઉસ ફૂલ ૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :** બીટ્ટુ બોસ : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

બ્લડમની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીત ઝૂકે નહી સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### સામાજિક

- જીવન શિલ્પ સંદેશ પરિવાર અને પાક્ષિક સમાચાર પત્રના સંયુકત ઉપક્રમે "આંબેડકર કપ-૨૦૧૨" ક્રિકેટ ટુનામેન્ટનું ઉદ્‌ઘાટન સરકારી વિનયન કોલેજ ગ્રાઉન્ડમાં સવારે ૧૦.૦૦કલાકે.

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. કુટુંબિજનો સાથે યાત્રા - પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બની રહે. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. નાણાંભીડ દૂર થઈ શકે છે.

**મિથુન** : રોજગારીની નવી તક મળી રહે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આરોગ્ય સંભાળવું.

**કર્ક** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. કુટુંબિજનો સાથે યાત્રા - પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**સિંહ** : નાણાંભીડ દૂર થઈ શકે છે.ઈષ્ટદેવની ઉપાસના ઈચ્છિત ફળ- પ્રાપ્તિમાં સહાયક બની શકે છે. આસ્મિક ધન-લાભ થઈ શકે છે. સમય શુભ.

**કન્યા** : વેપાર- નોકરીને લઈને થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. શેર - સટ્ટાકીય બાબતોમાં કાળજી રાખવી. નાણાંભીડ દૂર થઉ શકે છે. સમય શુભ.

**તુલા** : વેપાર- નોકરીને લઈને થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. શેર - સટ્ટાકીય બાબતોમાં કાળજી રાખવી. નાણાંભીડ દૂર થઉ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : આવક કરતાં ખર્ચના વધે તેની કાળજી લેવી.ભાગ્યોદયની તક મળી રહે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

**ધન** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મકર** : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કુંભ** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે.

**મીન** : વેપાર-વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. આવકનાં સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે હિતશત્રુઓથી સંભાળવું. સમય મધ્યમ.

## ચિરવિદાય

- સ્વ. શંકરજી વરવાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર
- સ્વ. જશુભાઈ શીવરામ નાયી (ઉ.વ. ૭૨) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર

# આત્મન્ ફાઉન્ડેશન દ્વારા સ્લીપર વિતરણ કરાયું

ઉનાળાની ધોમધખતી ગરમીમાં ગરીબ-તકવંચિતોની ચરણસેવાનું કાર્ય દર વર્ષે આત્મન્ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. આજ રોજ સંસ્થા દ્વારા સેકટર-૧૬ની બ્લાઈન્ડ સ્કૂલનાં બાળકો, બાળ સંરક્ષણ ગૃહનાં બાળકો તથા અન્ય જરૂરિયાતમંદ વડીલોને સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગાંધીનગર તથા અન્ય વિસ્તારના, અંતરિયાળ વિસ્તારોનાં તકવંચિત બાળકો, વડીલોને પણ સ્લીપર વિતરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થાના સહયોગીઓ સર્વશ્રી એચ.બી. વરિયા, દિવ્યાબેન વરિયા, પ્રજ્ઞા પટેલ વગેરે આ પ્રવૃત્તિમાં સહભાગી બન્યા હતા.

# ચિલોડામાં પંજાબ નેશનલ બૅન્કનું એટીઍમ રામભરોસે !!!

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતમાં બેંકીંગક્ષેત્રે હરણફાળ ભરતાં અનેક સુવિધામાં વધારો થતાં અનેક રાહતો ગ્રાહકોને સાંપડી છે. જેમાં એ.ટી.એમ. ગ્રાહકોને અતિ ઉપયોગી બન્યું છે. બૅંકિંગક્ષેત્રે સુવિધાઓની સાથોસાથ અનેક લાભાલાભ પણ રહેલા છે. ઘણા શહેરો કે ગ્રામ્ય વિસ્તારમાં જાહેર માર્ગો કે કોમ્પલેક્ષોમાં જરૂરિયાત પ્રમાણે એ.ટી.એમ.ની સગવડો ઉપલબ્ધ બની છે. સાથોસાથ નાણાંકીય સલામતીનો પ્રશ્ન અતિ ચિંતાજનક બન્યો છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

એ.ટી.એમ.માંથી અનેક પ્રકારે પૈસાની ઉઠાંતરી તથા આખેઆખા એ.ટી.એમ.ની ઉઠાવી જવાના કિસ્સાઓથી વધુ ચિંતાજનક છે. આ અંગે બેંકના ઉચ્ચ અધિકારીઓ તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓની શતર્કતાને અંગેની બેઠકમાં જરૂરી સૂચનો સત્તા વાહકોને આપવામાં આવે છે. જેમાં સી.સી. કેમેરા, સાયરન, સિક્યુરીટીની સુવિધાના સુચનો અપાયા છે. એટીએમ ચોરીના બનાવો વધ્યા છે ત્યારે ચિલોડા પંજાબ નેશનલ બેંક ચિલોડાથી માત્ર ૧ કિ.મી. દૂર અમદાવાદ રોડના એક કોમ્પલેક્ષની દુકાનમાં એકાંત વિસ્તારમાં એ.ટી.એમ. શરૂ કરાયું છે. પણ અહીં સિક્યુરીટીની સુવિધા નથી. આ અંગે સ્થાનિક પોલીસ સત્તાવાહકોએ બેંક સત્તાવાહકોને સિક્યુરીટી મુકવા લેખિત રજૂઆત કરવા છતાં કોઈ પ્રત્યુત્તર ન મળતાં પોલીસ વધુ વિસામણમાં મુકાઈ છે. આ સાથે પોલીસે રાત્રે વધુ સઘન પેટ્રોલીંગ આ વિસ્તારમાં વધારી દીધું છે.



ગાંધીનગરના ઘ-માર્ગ ઉપર બપોરે ઉના સુમારે મારૂતિ ઈકો અને ફીયાટ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદનસીબે કોઈને ઈજા થઈ નહોતી. માત્ર બંને ગાડીઓને નુકસાન થયું હતું. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરના વિજયભાઈ પટેલનું નેટાફિમ કૃષિરત્ન એવોર્ડથી સન્માન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના વિજયભાઈ પટેલને ગુલાબના મબલખ ઉત્પાદન મેળવવા માટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નેટાફિમ કૃષિરત્ન એવોર્ડ પ્રદાન કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ગુજરાતમાં આધુનિક કૃષિ ટેકનોલોજી અને નવીન કૃષિ પધ્ધતિઓનો વિનિયોગ કરી કૃષિ ઉત્પાદનમાં શ્રેષ્ઠતા પૂરવાર કરનાર ગુજરાતના પ્રગતિશીલ ખેડૂતોનું મુખ્યમંત્રીના હસ્તે નેટાફિમ કૃષિરત્ન એવોર્ડ પ્રદાન કરી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રગતિશીલ ખેડૂતો પૈકી કપાસનું સૌથી વધુ ઉત્પાદન મેળવનાર જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના પ્રવીણભાઈ ગજેરા, બટાટાનું સૌથી વધુ ઉત્પાદન માટે સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના સોનારણ ગામના ગિરીશભાઈ પટેલ, આણંદ જિલ્લાના ઓડ ગામના ચંદ્રકાન્ત પટેલને કેળાનાં સૌથી વધુ ઉત્પાદન માટે, ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના વનરાજસિંહ બદોલાને શેરડી પાકનું સૌથી વધુ ઉત્પાદન મેળવવા બદલ, ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલાના વિજયભાઈ પટેલને ગુલાબનું મબલખ ઉત્પાદન તથા વડોદરા જિલ્લાના કાસમપુરાના ગોપાલભાઈ પટેલને હાઈટ્રેક ફાર્મીંગ તેમજ સાબરકાંઠાના દોલપુરકંપાના જિતેશકુમાર પટેલ અને વડોદરા જિલ્લાના મોટી ટોકરી ગામના કરસનભાઈ રાઠવાને સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિઓના સફળ પ્રયોગ તથા પ્રસાર માટે નેટાફિમ કૃષિરત્ન એવોર્ડ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

# નવચેતના પરિવાર દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૧૨માં આવેલા ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે ૧૪મી એપ્રિલ ૨૦૧૨ને ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે ધોરણ ૧૦, ૧૨ અને ગ્રેજયુએટ થયેલા વિદ્યાર્થીઓ માટેનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર સાંજે ૪થી ૭ કલાક દરમિયાન યોજાયો હતો. ગાંધીનગર શહેરના ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓએ સમગ્ર સેમિનારમાં રસપૂર્વક ભાગ લીધો હતો.

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ પ્રસંગે યોજાયેલા કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે આઈ.એ.એસ. અરૂણભાઈ સુતરિયાને નિમંત્રિત કરવામાં આવ્યા હતા પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે તેઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકયા ન હતા પણ તેમણે યુવાનોને કારકિર્દી બાબતે શુભેચ્છા પાઠવી શુભ સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે સહકારી મંડળીઓના જિલ્લા રજીસ્ટ્રાર રસિકભાઈ મકવાણા અધ્યક્ષસ્થાને તથા મુખ્ય વકતા તરીકે જાણીતા અધ્યાપિકા અને ગુજરાત યુનિવર્સિટીના જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટના એચ.ઓ.ડી. ડૉ. સોનલબેન પંડયા, ગાંધીનગરના જાણીતા સાઈક્રિયાટીક ડૉ. રાજેન્દ્ર આનંદ અને ૪૨ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરનાર વિક્રમભાઈ વૈષ્ણવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. વકતાઓએ ખાસ તો કારકિર્દી સંદર્ભે વિવિધ દષ્ટાંતો સાથે વકતવ્ય આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો નિમેષભાઈ વાઘેલાએ નવચેતના સંસ્થા વિશેનો પરિચય આપી શ્રોતાઓને નવચેતના પરિવારથી માહિતગાર કર્યા હતા.

નવચેતના પરિવાર દ્વારા સૌપ્રથમ ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને યુવાનો માટેનો કારકિર્દી માર્ગર્શન સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન જયેશભાઈ શ્રીમાળીએ કર્યું હતું.

# જ્યોતિ મહિલા મંડળની ખમીરવંતી મહિલાઓ નવી પેઢી માટે પ્રેરક છે

ગાંધીનગર, તા. ૧૫

નજર સમક્ષ જે દૃશ્ય હતું. ખૂબ જ આનંદ આપનારું હતું.. ખમીરવંતા ભારતના ગાંધીનગરની ખમીરવંતી મહિલાઓની હાજરી અને એમની વાતો.. વય વધવા છતાં પણ જે ખુમારી એમના અવાજમાં હતી તે આજે પોતાના માટે પણ માંડ જીવતી આ પેઢીની બહેનોમાં ઓછપ રૂપે અનુભવાય.. સમાજના આ પ્રશ્નો પ્રત્યેની સંવેદનશીલતા ગુમાવનાર સૌ માટે પ્રેરણાદાયી હતી. આપણી સૌથી જૂની મહિલા સંસ્થા જ્યોતિ મહિલા મંડળની કારોબારીની મીટીંગ.

મીટીંગ શરૂ થવામાં હજુ વાર હતી, સમય હતો, તમામ વયોવૃદ્ધ સભ્ય મહિલાઓ સમયનું માન જાળવી સમયસર પહોંચી ચૂકીં હતી. આપમેળે જ આવવા જવાની વ્યવસ્થા કરતી આ બહેનો ભર બપોરે ૨.૩૦ના સુમારે નક્કી સ્થળે પહોંચી, સમાચારોમાં મોખરે એવા, સમાજને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા કરતી હતી. સાક્ષી ભાવે બધું જોઈ- સાંભળીને મને દિલમાં ખૂબ સારું લાગ્યું. સાથે પ્રશ્ન થયો આ પેઢીની હયાતી નહીં હોય ત્યારે ??? અને એ સાથે કેટલાય ચિંતા પ્રેરક પ્રશ્નો મનમાં ફરકી ગયા.

ધરતી મા ની ફળદ્રુપતા નીચોવાઈ ગઈ. અનાજમાંથી સત્વ ઓછું થયું અને સાથે સાથે એ અનાજ આરોગનાર પેઢીમાંથી પણ સત્વ- ફળદ્રુપતા સાવ ઘટી ગયા.

મીટીંગમાં હાજર બહેનોમાં એક હતા નીરૂબેન નાયક જેઓ એકલવીરની જેમ આજે પણ જીંદગીના મોરચે સક્રિય છે. અવાજમાં આક્રોશ સાથે પ્રમુખ લત્તાબેન ચોકસીએ તેલના ઊંચે જતા ભાવો સામે ચિંતા વ્યક્ત કરી કે તરત જ કોકીલાબેન, રમીલાબેન, નીરૂબેન, સાબીરાબેન, પુષ્પાબ્ન, શાંતાબેન, સૌ એક સાથે એકસૂરમાં ભૂતકાળ વાગોળી પોતે યોજેલા વિરોધ પ્રદર્શનોની કહાની સંભળાવી. આ ખમીરવંતી મહિલાઓએ ભૂતકાળમાં તેલના નાનકડા ભાવ વધારા સામે માંડેલા મોરચાની વાતો રસપ્રદ હતી.

વર્ષો પહેલાં આમાંની મોટાભાગની બહેનો સેકટર-૧૭ની વસાહતી હતી. આજે પણ તેઓ ગર્વ સાથે કહે છે અમારું આ સેકટર 'ખાડિયા' કહેવાતું. એમના અવાજમાંનો એ ટંકાર એવો જ અકબંધ જળવાયેલો લાગ્યો. અત્યારે અલગ અલગ સેકટરોમાં વસવાટ કરતી આ બહેનો હજુ પણ પોતાની પ્રતિક્રિયાઓમાં એટલી જ જલદ હતી.

દૂધનો ભાવ વધારો, બાળકોના અપહરણ કે બાળાઓ પર થતાં અત્યાચારની ઘટનાઓ સામે સૌએ એક સાથે વિરોધ નોંધાવી હજુ પણ જવાબદારો સામે ટક્કર લેવાની તૈયારી બતાવી પોતાની જાગરૂક્તાની ઝાંખી કરાવી.

આ બધું જ વિસ્તૃત રીતે લખવામાં જે પ્રેરણાતત્વ છે તે આ સંસ્થાની સૌ સભ્ય મહિલાઓનું મજબૂત મનોબળ અને સામાપક્ષે એટલું જ અત્યારની કહેવાતી સક્રિય પણ ઓજસ વિનાની મહિલાઓનું સમાજ અને તેના પ્રશ્નો પ્રત્યે ઉદાસીન વલણ.. જે પ્રશ્નો સીધા સ્ત્રી- રસોડાને કે ઘરના બજેટને સ્પર્શે છે એના પ્રત્યે સ્ત્રી આટલી સંવેદનહીન કેમ? કોણ ઊઠાવશે અવાજ ?આઝાદીની લડત પહેલાં અને પછી પણ અનેકવાર સ્ત્રીઓએ આંદોલનોમાં સક્રિય ભાગ ભજવ્યો છે. અનેક ધર્મો, પંથો, ધર્મગુરુઓ અને હવે તો રાજકારણીઓ પણ કહે છે. સ્ત્રીઓમાં અપાર શક્તિ છે. તો શું માત્ર 'ઉદ્રીહ'જ ઢ્ઢઅ'ના ઠેર ઠેર ઉજવણાંથી આપણાં પ્રશ્નો હલ થઈ જશે ? દિકરી- બહેન- મા- પત્ની ઉપરાંત પણ અનેક રોલ નિભાવતી સ્ત્રી એક નાગરિક અને શક્તિ સ્વરૂપા બની સમાજનું ઋણ ચૂકવવા પ્રતિબધ્ધ બને એ ઈચ્છનીય છે.

હજુ પણ જેમની છત્રછાયા આપણા મસ્તિષ્ક પર છે એવી ખમીરવંતી મહિલા પેઢી, ના અનુભવના ભાથા માંથી માર્ગદર્શન લઈ આવનાર પેઢી માટે કંઈક પ્રેરણારૂપ જીવન જીવીએ એ જ સ્ત્રી જીવનની સાર્થકતા હોઈ શકે...

# ઈન્ફોસિટી વિસ્તાર બારેમાસ ભીડભાડથી ધમધમે છે..!

ગાંધીનગર તા. ૧૫

ઈન્ફોસીટી વિસ્તાર એટલે ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટી કંપાઉન્ડ અથવા કોમ્પ્યુટરનો ઈન્ફરમેશન ટેકનોલોજીનો વિસ્તાર પરંતુ આ વાત ભૂલ ભરેલી છે. અથવા અણજાણ છીએ. અત્યારે તો ગગનચુંબી ફલેટોને ઈંટો તથા ક્રોકીટના જંગલોથી દિવસેના વધે તેટલી રાત્રે વધે તેવો વિસ્તાર આ બની રહ્યો છે. આજથી થોડાક વર્ષો અગાઉ સરગાસણ, કુડાસણ, પોર, રાયસણના નેળિયા થોરની વાડથી ઘેરાયેલા રસ્તા હતા. જીપ પસાર થાય તો બળદગાડાને બાજુમાં ખસવું પડે તેવા રસ્તા હતા. તેના બદલે રાત્રે રોશનીથી ટમટમતા દીવાઓથી રસ્તાઓ ઝળહળે છે. ગગનચુંબી ઈમારતો પરની રંગીન રોશની બારેય માસ દિવાળી જેવો માહોલ જામે છે. આ વિસ્તારના ફલેટો કે બંગલા મધ્યમ વર્ગ માટે સ્વપ્ન હવે બની ગયું છે. આવતા થોડાક દિવસનો સમય આ વિસ્તારની કલ્પના કરવા માટે વિચારવા જેવો રહેશે.

ગાંધીનગરની પરિસ્થિતિ જોતાં ઈન્ફોસીટી વિસ્તારની રોનક જોતાં અમદાવાદનો પૂર્વનો પરા વિસ્તારને પશ્ચિમ વિસ્તાર જેવો ભ્રમ પેદા કરે છે. સેકટરોવાળું ગાંધીનગર મર્યાદિત આર્થિક ઉપાર્જનવાળા કુટુંબો વસે છે. જ્યારે આ વિસ્તારમાં ધનાઢ્ય કુટુંબો વસવાટ કરે છે. જેથી રાત્રે ખાણીપીણીની હોટલો અને તેમાં રંગીન ઝાકમઝોળ અને વેઈટીંગોમાં બેસતા કુટુંબો જેવાથી ગાંધીનગરનો હદલાતો સામાજિક વિકાસનો ચહેરો દેખાશે.

જુદા જુદા પ્રાંતના કોલેજના છાત્રો તથા છોકરીઓના વસવાટથી ગાંધીનગરના યુવાધન પણ આ વિસ્તારમાં ભમતું રહે છે. જે ભવિષ્યમાં મોટી ગુનાખોરીનો ભય દર્શાવતું હોય છે.

## પ્રજાપતિ સમાજના પ્રતિનિધિએ યોજેલો સન્માન સમારોહ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૧૨માં આવેલા આંબેડકર હોલ ખાતે તાજેતરમાં પ્રજાપતિ સમાજના મૂક સેવક અને આજીવન સમાજના ભેખધારી ભીમજીભાઈ પ્રજાપતિએ અખબારોના પ્રતિનિધિઓના સન્માનનો કાર્યક્રમ યોજયો હતો. પ્રજાપતિ સમાજના ઉત્થાન માટે તથા નબળા વર્ગના સમુદાયને સતત મદદરૂપ થઈસમાજમાં દષ્ટાંતરૂપ બનવાના પ્રતિકરૂપે ભીમજીભાઈ પ્રજાપતિએ પોતાનું જીવન સતત સેવામાં સમર્પિત કરવાની આ પ્રસંગે નેમ લીધી હતી.

## આજે વલ્લભધામ સે-૨૧માં મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી શ્રી વલ્લભધામજી સેકટર-૨૧માં આજે તા. ૧૬મી એપ્રિલ ૨૦૧૨ને સોમવારના રોજ શ્રીજગદ્‌ ગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય ચરણ શ્રી મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ યોજાશે.

વલ્લભધામ ખાતે મંગળા સવારે ૭.૩૦ થી ૮ કલાક દરમિયાન, શૃંગાર ૯.૩૦ થી ૧૦ કલાક દરમિયાન, રાજભોગ ૧૧.૨૦ થી ૧૨ કલાક દરમિયાન થશે. રાજભોગમાં શ્રી ઠાકોરજીને તિલક થશે. સાંજના દર્શનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બપોરે ૨ થી ૫ કલાકે બહેનોના પાઠ રાખવામાં આવ્યા છે. સર્વે વૈષ્ણવબંધુઓને આ પ્રસંગનો લાભ લેવા જણાવાયું છે.

# જીવન મેં તુ ડરના નહીં, સર નીચા કભી કરના નહીં...

## મમ્મીએ મને સતત જીવનની મુશ્કેલીઓ સામે લડવાનું શીખવ્યું છે; તેઓ આજે પણ સતત મારી સાથે જ છે

**સંબંધ સજાવે જિંદગી**
**થેન્ક્યુ મમ્મી**

- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

સ્ત્રીને અમસ્તી જ શક્તિ નથી કહેવાતી, તે તેના પતિ અને બાળકોની શક્તિ તો હોય જ છે. સાથે સાથે પોતાની જાતને પણ શક્તિનાં આંતરિક સ્ત્રોતથી એકમદ મજબુત બનાવી મુશ્કેલી સામે બાથ ભીડે છે. ખૂબ નાની વયે પતિનો સાથ છૂટી ગયા બાદ, મિનાક્ષીબેન દવે પોતે તૂટ્યા તો નહીં જ, પરંતુ ત્રણેય દિકરીઓને તૂટવા દીધી નહીં અને તેમના માટે શક્તિનો સ્ત્રોત બની દિકરીઓને સમાજમાં ઊંચું મસ્તક રાખી કેમ જીવાય તેની તાલીમ આપી. થોડાક સમય પહેલાં જ ટૂંકી માંદગી બાદ અવસાન પામનાર મિનાક્ષીબેનની ત્રણ દિકરીઓ દિવ્યા, રચના અને યાત્રી પૈકીની સૌથી નાની દિકરી યાત્રી દવે મમ્મીના સંસ્મરણો અને તેમની હિંમતની યાદ કરી કહે છે 'થેંક્યુ મમ્મી'.

યાત્રી પોતાની વાત શરૂ કરતા કહે છે કે ૧૯૯૧માં હું જ્યારે માત્ર ચાર વર્ષની હતી ત્યારે પપ્પાનું ટૂંકી માંદગી બાદ અવસાન થયું. પપ્પાના અવસાન બાદ અમે ત્રણેય બહેનોને મમ્મીએ સંભાળી લીધી. પોતે એકદમ મજબુત વ્યક્તિત્વ ધરાવતા એટલે પોતે તૂટ્યા નહીં અને અમને પણ તૂટવા દીધા નહીં. મને તો તેમણે જ મમ્મી-પપ્પા બંનેનો પ્રેમ આપ્યો છે. હું સ્કૂલે જતી થઈ તે પછી દરેક પરીક્ષામાં તેઓ મારી સાથે જ આવે. જેમ મને તેમણે સતત હુંફ આપી તેમ એકલા રહી ઘર સંભાળવાની જવાબદારી પણ શીખવી. બંને મોટી બહેનોના લગ્ન બાદ ઘરની જવાબદારી મમ્મીના નેતૃત્વમાં મેં ઉપાડી લીધી. કૌટુંબીક કારણોસર તેઓ વધુ ભણી ન શક્યા. પરંતુ તેમણે પોતાની ત્રણેય દિકરીઓને ખૂબ ભણાવી અને સમાજમાં પોતાનું આગવું સ્થાન ઉભું કરાવ્યું. હું એટલું તો ચોક્કસ કહીશ કે મમ્મીના કારણે જ અમે ત્રણેય બહેનો સમાજમાં આગવી



ઓળખ ધરાવીએ છીએ. મારા એમફીલના અભ્યાસની વાત હોય કે ગરબાના શોખની વાત, મમ્મીએ વગર માંગ્યે બધું જ મારી સામે લાવીને મૂકી દીધું છે. મોટી બહેનોને શાસ્ત્રીય નૃત્ય શીખવી આરંગેત્રલ કરાવ્યું અને મને સંગીતની તાલીમ અપાવી. કલ્ચરલ ફોરમના ગરબામાં મને ઈનામ મળે ત્યારે સૌથી વધુ આનંદ મમ્મીને જ થાય. તેમને જાત-ભાતની શારીરિક તકલીફો હતી. પરંતુ તેઓ ક્યારેય કંટાળતા નહીં. છેલ્લા છ મહિના તો તેઓ ખૂબ બિમાર રહ્યા. પરંતુ તેઓ જિંદગીથી હારી ગયા હોય તેવું ક્યારેય લાગ્યું નહીં. અમને દિકરીઓને પણ તેઓ સતત હિંમત બંધાવે, પ્રેક્ટીકલ થવાનું શીખવે. તેમના અવસાન બાદ આજે સ્થૂળ રીતે ઘરમાં હું ભલે એકલી હોઉં પરંતુ સુક્ષ્મ રીતે મમ્મી હંમેશા મારી સાથે છે અને સાથે જ રહેશે. તેમણે જ મને જીવનની મુશ્કેલીઓ સામે લડતા શીખવ્યું છે. એટલે હું ક્યારેય તુટીશ નહીં. જો હું દુઃખી થઈશ તો તેમનો આત્મા દુઃખી થશે એટલે ક્યારેય આંસુ ન વહાવવા તે મેં નક્કી કર્યું છે.

મમ્મીની હાજરીનો સતત અહેસાસ કરતી યાત્રીના ટૂંક સમયમાં જ લગ્ન લેવાશે. યાત્રીના લગ્નની તેઓને ખૂબ હોંશ હતી. યાત્રીને ક્યારેક એવું ચોક્કસ થાય છે કે મારા લગ્ન સમયે મમ્મી મારી સાથે હોય...! પરંતુ કુદરતને તે મંજુર નહીં હોય. યાત્રીને એટલો તો વિશ્વાસ જરૂર છે કે લગ્ન સમયે મમ્મી ભલે સદેહે ઉપસ્થિત ન હોય તેમના આશીર્વાદ સતત મારી સાથે છે અને તેઓ હંમેશા મારા મંગલની કામના કરતા રહેશે...!